સંદેશ , પાના નં. ૦૨, તા. ૦૧.૦૧.૨૦૨૧

### થલતેજથી દર ૨૫ મિનિટે અને વસ્ત્રાલથી દર ૨૦ મિનિટે બસ મળશે

# શહેરમાં કોઈ પણ સ્થળેથી મેટ્રો સ્ટેશન સુધી કનેક્ટિવિટી મળી રહે તે માટે ફીડર બસ શરૂ

## રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લીલી ઝંડી બતાવી બસોનું પ્રસ્થાન કરાવ્યું




| અમદાવાદ |

શહેરીજનોને મેટ્રો સ્ટેશનથી પોતાના વિસ્તારમાં સરળતાથી જઈ શકે તેના માટે હવે AMTS દ્વારા મેટ્રો ફીડર બસ સેવાની શરૂઆત કરવામાં આવી છે. મેટ્રોના બે મુખ્ય સ્ટેશન થલતેજ અને વસ્ત્રાલથી ફીડર બસ સેવા શરૂ થઈ છે. ઉલ્લેખનીય છે કે, થલતેજથી દર ૨૫ મિનિટે અને વસ્ત્રાલથી દર ૨૦ મિનિટે બસની સુવિધા મળી રહેશે.

થલતેજ મેટ્રો સ્ટેશનથી એસજી હાઈ-વેથી પશ્ચિમ તરફ બોપલ, શીલજ, ઘુમા, પ્રહલાદ નગર ઘાટલોડિયા વિસ્તારમાં AMTS બસ જશે. જ્યારે વસ્ત્રાલ મેટ્રો સ્ટેશનથી ઓઢવ, આદિનાથ નગર, સિંગરવા ગામ થઈ અને વસ્ત્રાલ પરત ફરશે.

સરક્યુલર અને એન્ટી સરક્યુલર રૂટ પર બસ ફરશે આજથી મેટ્રો સ્ટેશનના કનેક્ટિવિટી માટે થલતેજ મેટ્રો સ્ટેશનથી કુલ ૯ રૂટ પર સરક્યુલર અને એન્ટી સરક્યુલર રુટની AMTS બસ સેવા શરૂ કરવામાં આવી છે. જ્યારે થલતેજથી સાઉથ બોપલની ૯૦ નંબર શટલ બસ રૂટ શરૂ કરાયો છે. થલતેજ મેટ્રો સ્ટેશનથી એસજી હાઈ-વે ના પશ્ચિમ તરફના બોપલ, ઔડાતળાવ, શિલજ, ઘુમા, સિંધુભવન રોડ, વકીલ સાહેબ બ્રિજ તેમજ સોલા, ઘાટલોડિયા, ભૂયંગદેવ, ગુજરાત હાઈકોર્ટ, સાયોના સીટી, સતાધાર ચાર રસ્તા ગુલાબ ટાવર સહિતના વિસ્તારોમાં સરક્યુલર અને એન્ટી સરક્યુલર રૂટ પર બસ ફરશે. થલતેજથી સાઉથ બોપલ શટલ બોપલ વિસ્તારના નાગરિકો માટે જશે.